નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોને
અપાતી આર્થિક સહાયમાં વધારો.:.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વનપ-૧૦૮૯/૪૬૩૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯-૧૨-૧૯૮૯

વંચાણે લીધા :-

૧) મ.રા.ક. અને આ.વિ. વિભાગનો ઠરાવ ક્રમાંક : બીએમએ/૧૦૭૮/૨૦૧૬૮/છ, તા. ૧૭-૪-૭૮

૨) મ.સ.ક. અને આ.વિ. વિભાગનો ઠરાવ ક્રમાંક : બીએમએ/૧૦૭૮/૫૫૪૮૨/છ, તા. ૨૫-૯-૭૮

૩) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વનપ-૧૦૮૪/૩૫૭૫/છ, તા. ૧-૪-૮૬

૪) સ.ક. વિભાગનો ઠરાવ ક્રમાંક : વનપ/૧૦૮૮/૨૦૮/છ, તા. ૨૧-૧૨-૮૮

ઠ રા વ :-

નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોને નાણાંકીય સહાયની યોજના તારીખ : ૧-૪-૭૮ થી અમલમાં છે, આ યોજના હેઠળ નિરાધાર વૃધ્ધ અને નિરાધાર અપંગ વ્યકિતને માસિક રૂ.૬૦/- ની નાણાંકીય સહાય હાલમાં ચૂકવાય છે. જે માટે આવકનું ધોરણ વ્યકિતગત વાર્ષિક રૂ.૩૦૦/- અને કુટુંબ માટે વાર્ષિક રૂ. ૧૨૦૦/- નું રાખેલ છે. આ સહાયની રકમ તથા આવક મર્યાદામાં વધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગ વ્યકિતઓને માસિક રૂ.૬૦/- ની આપવામાં આવતી સહાયની રકમનો દર તા. ૧-૧૨-૮૯ થી સુધારીને સમાન ધોરણે માસિક રૂ. ૧૨૦/- (રુપિયા એકસો વીસ) ના દરથી નાણાંકીય સહાય ચૂકવવાનું સરકારશ્રી ઠરાવે છે, તથા વ્યકિતગત વાર્ષિક આવક રૂ. ૩૦૦/- થી વધારો રૂ.૬૦૦/- અને કુટુંબ માટે વાર્ષિક આવક રૂ. ૧૨૦૦/- થી વધારો રૂ. ૨૪૦૦/- કરવાનું ઠરાવવામાં આવે છે. સહાય માટે પાત્રતાના અન્ય ધોરણો યથાવત્ રહેશે.

૨. ડિસેમ્બર-૧૯૮૯, જાન્યુઆરી, ૧૯૯૦ ના લોકની ચૂકવણી ઉપર મુજબ નવા સુધારેલ દરે ફેબ્રુઆરી, ૧૯૯૦ માં કરવામાં આવે તે રીતે આ યોજનાનો અમલ કરવાનો રહેશે.

૩. આ અંગેનું ખર્ચ અંદાજના સદર 'માંગણી નં. ૮૯-૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ- ' બીજા સામાજીક સુરક્ષા કાર્યક્રમ (ખ) બીજા કાર્યક્રમ (૧) અંત્યોદય-વૃધ્ધા અને અપંગ નિરાધારોના નિર્વાહ માટે નાણાંકીય સહાય (નોન-પ્લાન) ' સદરે ઉધારવાનું અને તે હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇઓમાંથી મેળવવાનું રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૭-૧૨-૮૯ ની સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ.ડી.મહેતા.
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
સચિવાલયના સર્વે વિભાગો,
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ.
સર્વે કલેકટરશ્રીઓ,
સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,
એ.જી. અમદાવાદ / રાજકોટ.
સર્વે નાયબ મામલતદારશ્રીઓ (સમાજ સુરક્ષા) નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,
બજેટ શાખા, સમાજ કલ્યાણ વિભાગ.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
આ વિભાગની સર્વે શાખાઓ,
સીલેકટ ફાઇલ.
મદદનીશ સીલેકટ ફાઇલ.